**Disposal date on : 07-03-2026**

**મોડાસાના નામદાર ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**અરવલ્લી@મોડાસા**

ક્રિ.પ.અરજ નં:–૯૭/૨૦૨૬
મોડાસા રૂરલ પો. સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં:–૧૧૧૮૮૦૦૮૨૫૦૨૯૬/૨૦૨૫
આંક :–

**અરજદાર:–** અશોકભાઈ હીરાભાઈ પટેલ, ઉ.વ.૪૯
ધંધો–ખેતી,
રહે.સજાપુર, તા.મોડાસા, જી.અરવલ્લી.

**વિરૂધ્ધ**

**સામાવાળા:–** શ્રી સરકાર.

–:પક્ષકારો તરફે વિ. ધારાશાસ્ત્રી:–

અરજદાર તરફે વિ. ધારાશાસ્ત્રી શ્રી એમ.એ.પટેલ

સામાવાળા તરફે વિ. પ્રોસીકયુટર શ્રી આર.સી. સોલંકી

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૪૯૮ મુજબ મુદ્દામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ**

(૧) અરજદારની અરજી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા, તેમજ બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લીધી, તેમજ પંચનામું, મુદ્દામાલ પાવતી વંચાણે લીધા.

(૨) આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદાર ઉપરોકત જણાવેલ સરનામે રહે છે અને ખેતીનો ધંધો કરી તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે. અરજદારે તેમના પરંપરાગત પહેરવાના સોના-ચાંદીના દાગીના જેવા કે,

(૧)એક સોનાની એક તોલાની ડગરી (લગડી)કિં.રૂા. ૮૭,૦૦૦/-તથા

(ર)એક જોડ (નંગ-ર) સોનાની શેર સાથેની એક તોલાની મોટી બુટટી કિ.રૂા. ૮૭,૦૦૦/- તથા

(૩) એક જોડ (નંગ - ૨) સોનાની નાની બુટ્ટી અડધા તોલાની કિ.રૂા.૪૩,૫૦૦/- તથા

(૪) સોનાની ત્રણ-ત્રણ ગ્રામની વીંટી નંગ - ૪ કિ.રૂા.૧,૦૪,૪૦૦/- તથા

(૫) સોનાથી પુરેલી હાથની ચીનો નંગ - ૨ અડવા તોલાની કિ.રૂા.૪૩,૫૦૦/- તથા

(૬) એક સોનાની નાની લેડીઝ વીંટી આશરે અઢી ગ્રામની કિ.રૂા. ૨૧,૫૦૦/- તથા

(૭) એક ચાંદીના કેડ કંદોરો ૪૦૦ ગ્રામનો કિ.રૂા.૪૦,૦૦૦/- તથા

(૮)એક જોડ (નંગ-૨) ચાંદીના છડા (તોડીયા) ૬૦૦ ગ્રામના કિં.રૂા.૬૦,૦૦૦/- તથા

(૯) રોકડ રૂા.૧,૫૦,૦૦૦/- (૧૨ બંડલ ૨૦ ની નોટો તથા ૩ બંડલ ૫૦ ની નોટો બાકીની ૫૦૦ ના દરની નોટો વિગેરે મળી કુલ રૂા. ૬,૩૬,૯૦૦/- ની તેમની તીજોરીમાં મુકેલ હતા તેની તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે ચોરી થતાં અરજદારે અજાણ્યા ચોર ઈસમ વિરૂઘ્ધ ફરીયાદ આપતાં મોડાસા રૂરલ પોલીસે તા.૦૫/૦૫/૨૦૨૫ના રોજ બી.એન.એસ.ની કલમ - ૬૨,

૩૦૫(એ), ૩૩૧ (૪) મુજબનો ગુન્હો મોડાસા રૂરલ પોલીસે મોડાસા રૂરલ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૮૨૫૦૨૯૬/૨૦૨૫ થી રજીસ્ટર્ડ કરેલ છે.

(૩) મોડાસા રૂરલ પોલીસે સદર ગુન્હાના કામે આરોપીની અટક કરી આરોપી પાસેથી અરજદારના ઘરેથી ચોરાયેલ સોના–ચાંદીના દાગીના તથા રોકડ પૈકી આરોપી પાસેથી

(૧) સોનાની પીળી ધાતુની રણી જેનું વજન ૧૮ મીલી ગ્રામ આશરે ૯૫ ટચ રણી કુલ રૂા. ૧,૧૩,૦૦૦/– ની તથા

(૨) ચાંદીની સફેદ ધાતુની રણી જેનું વજન ૫૦૦ ગ્રામ આશરે ૪૦ ટચની રણી કુલ રૂા.૩૩,૮૦૦/– ની તથા

(૩) ભારતીય ચલણની રૂા.૫૦૦ ના દરની ચલણી નોટો ૬૪ કુલ રૂા. ૩૨૦૦૦/– તથા

(૪) ભારતીય ચલણની રૂપિયા ૫૦ ના દરની કુલ ૨૦૦ નોટો કુલ રૂા. ૧૦,૦૦૦/– તથા

(૫) ભારતીય ચલણની રૂા.૨૦/– ના દરની ચલણી નોટો કુલ ૫૦૦ કિંમત રૂા. ૧૦,૦૦૦/– મળી કુલે રૂા. ૧,૯૮,૮૦૦/– પુરાનો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી વિરૂધ્ધ મોડાસા રૂરલ પોલીસે સદર ગુન્હાની તપાસ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ, જેનો ક્રિ.કેસ નં.૨૨૦૫/૨૦૨૫ નો પડેલ છે. સદર કેસ ચાલી જતાં તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે અને આરોપી પાસેથી કબ્જે લીધેલ મુદ્દામાલ બાબતે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અંગે ઈન્કવાયરી કરી મુદ્દામાલ પરત કરવાનો હુકમ કરેલ છે. અરજદાર મુદ્દામાલના માલીક છે. સદરહુ મુદ્દામાલ અરજદારના ઘરેથી ચોરાયેલો તે છે અને સદરહુ ગુન્હાના તેઓ ફરીયાદી છે અને મુદ્દામાલના માલીક હોઈ જેથી હાલની અરજી કરવાની જરૂરીયાત ઉપસ્થીત થયેલ છે.

(૪) અરજદારે તેમના ઘરે પરંપરાગત પહેરવાના દાગીના તથા રોકડ તેમની ખેતીની આવકમાંથી ખરીદીને તિજોરીમાં મુકેલા હતા તેની ચોરી થયેલી. તે મુદ્ધામાલ પોલીસે અરજદારની ફરીયાદના કામે કબ્જે લીધેલ છે હાલમાં સદરહુ મુદ્ધામાલ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં છે

(૫) અરજદાર મોડાસા રૂરલ પોલીસે સદર ગુન્હાના કામે કબ્જે લીધેલ સોના–ચાંદીના દાગીના તથા રોકડ રકમના માલીક છે. હાલ અરજદારને તેમના ચોરાયેલા દાગીનાની જરૂરીયાત પડેલ છે અરજદારે મહેનત મજુરી કરીને દાગીના બનાવડાવેલા હતા અને જો વધુ સમય પોલીસસ્ટેશનમાં પડી રહે તો અરજદારને નુકશાન જાય તેમ છે.

(૬) અરજદારને મુદ્ધામાલ પરત સોંપતા નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવાની અરજદારે ખાત્રી આપેલ છે.

(૭) સબબ આ અરજી કરી નમ્ર અરજ કે :–

મોજે મોડાસા રૂરલ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં. ૧૧૧૮૮૦૦૮૨૫૦૨૯૬/૨૦૨૫ તથા ક્રિ.કેસ નં.૨૨૦૫/૨૦૨૫ બી.એન.એસ.ની કલમ – ૬૨, ૩૦૫(એ), ૩૩૧ (૪) મુજબના ગુન્હાના કામે મોડાસા ટાઉન પોલીસે રીકવર કરેલ મુદ્ધામાલ અરજદારની માલિકીના (૧) સોનાની પીળી ધાતુની રણી જેનું વજન ૧૮ મીલી ગ્રામ આશરે ૬૫ ટચ રણી કુલ રૂા. ૧,૧૩,૦૦૦/– ની તથા (૨) ચાંદીની સફેદ ધાતુની રણી જેનું વજન ૫૦૦ ગ્રામ આશરે ૪૦ ટચની રણી કુલ રૂા.૩૩,૮૦૦/– ની તથા (૩) ભારતીય ચલણની રૂા. ૫૦૦ ના દરની ચલણી નોટો ૬૪ કુલ રૂા. ૩૨૦૦૦/– તથા (૪) ભારતીય ચલણની રૂપિયા ૫૦ ના દરની કુલ ૨૦૦ નોટો કુલ રૂા. ૧૦,૦૦૦/– તથા (૫) ભારતીય

ચલણની રૂા.૨૦/- ના દરની ચલણી નોટો કુલ ૫૦૦ કિંમત રૂા.૧૦,૦૦૦/- મળી કુલે રૂા. ૧,૯૮,૮૦૦/-પુરાનો હોઈ અને અરજદાર માલીક હોઈ અરજદારને સદરહુ સૌના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ પરત અપાવવા હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૮) સરકાર તરફે વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રીએ આંક :૦૧ ની અરજી લગત અરજદારનો જે મુદ્દામાલ છે તેને પરત સોંપવા સામે વાં ધો દર્શાવેલ નથી તે બાબતનો ''સીન એન્ડ નો ઓબ્ઝેકશન'' નો શેરો કરેલ છે.

(૯) આ કામે રજુ થયેલ પક્ષકારોના વિ.વ.શ્રીની રજુઆતો ઘ્યાને લેતાં તેમજ અરજદાર તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ જેવા કે સદર મુદ્દામાલ છે તેના ઘરેણાના ખરીદબીલ કુલ નંગ-૨ , તથા આરોપીનું નો ઓબજેકશન સોગંદનામું, અરજદારની ઓળખ અંગે તેમના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ, તથા ક્રિ.કેસ. નંબર-૨૨૦૨૫/૨૫ના જજમેન્ટની ઓનલાઈન કોપી વિગેરે રજુ કરેલ છે જે કેસ તા.૦૫/૦૨/૨૦૨૬ના રોજ ફેસલ થયેલ છે તથા આરોપીને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. જે તમામ દસ્તાવેજો વંચાણે લેતાં, સદર મુદ્દામાલ મુળ માલિક એટલે કે હાલમાં મુળ અરજદાર છે અને તેઓના નામે ચાલે છે જેથી સદર મુદ્દામાલ પરત મેળવવા અરજી કરેલ છે. આ કામે રજૂ કરેલ દસ્તાવેજોમાં રતન સ/ઓફ ભવરલાલ અદરેશિયા જાતે કણજરનાઓ ધ્વારા સોગંદનામુ રજૂ કરેલ છે જે ઘ્યાને લીધેલ છે. જેમાં તેઓએ આ મુદ્દામાલ અંગે કોઈ કલેમ(કોઈ અરજી) કરેલ નથી કે ભવિષ્યમાં મુદ્દામાલ મેળવવા માટેનો કોઈ કલેમ પણ કરવાના નથી તેમ જણાવેલ છે. તથા આ મુદ્દામાલ અરજદારને પરત આપવામાં આવે તો તેઓને કોઈ વાંધો નથી તેમ જણાવેલ છે.

આમ, હાલના આ કામે મુદ્દામાલ છે તે અરજદારની માલિકીનુ છે. સદરહું મુદ્દામાલ છે તે વધુ સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો અરજદારને નુકસાન ભોગવવુ પડે તેવુ આ કોર્ટનું માનવું છે તે સંજોગોમાં મુદ્દામાલ છે તેને યોગ્ય શરતોને આધિન અરજદારને સોંપવાનું આ અદાલતને યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-- :: હુ ક મ :: --**

(૧) અરજદારની અરજી બી.એન.એસ.એસ. કલમ:૪૯૮ મુજબ ''**મંજુર**''કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર **અશોકભાઈ હીરાભાઈ પટેલ**નાઓએ સદરહું મોડાસા રૂરલ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર. નંબર. ૧૧૧૮૮૦૦૮૨૫૦૨૯૬/૨૦૨૫ ના કામે કબજે લીધેલ મુદ્દામાલ (૧) સોનાની પીળી ધાતુની રણી જેનું વજન ૧૮ મીલી ગ્રામ આશરે ૬૫ ટચ રણી કુલ રૂા. ૧,૧૩,૦૦૦/-ની તથા (૨) ચાંદીની સફેદ ધાતુની રણી જેનું વજન ૫૦૦ ગ્રામ આશરે ૪૦ ટચની રણી કુલ રૂા.૩૩,૮૦૦/-ની તથા (૩) ભારતીય ચલણની રૂા. ૫૦૦ ના દરની ચલણી નોટો ૬૪ કુલ રૂા. ૩૨૦૦૦/- તથા (૪) ભારતીય ચલણની રૂપિયા ૫૦ના દરની કુલ ૨૦૦ નોટો કુલ રૂા. ૧૦,૦૦૦/- તથા (૫) ભારતીય ચલણની રૂા.૨૦/-ના દરની ચલણી નોટો કુલ ૫૦૦ કિંમત રૂા.૧૦,૦૦૦/- મળી કુલ્લે **રૂા. ૧,૯૮,૮૦૦/-** પુરાનો જે કબજે કરેલ છે, તે મુદામાલ અરજદારની માલિકી કબજા ભોગવટાનો હોય અરજદારને મુદ્દામાલ પાવતી નંબર ૪૫/૨૫, આંક-૩માં દર્શાવેલ છે તે મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

સદર મુદ્દામાલ અરજદારને પરત સોંપવા અંગે અત્રેની કોર્ટનાં રજીસ્ટ્રારશ્રી/નાઝરશ્રીએ યોગ્ય કાર્યવાહી કરવી.

ઉપરોકત હુકમ આજ તારીખ :૭મી, માહે:માર્ચ, સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| સ્થળ:મોડાસા. | **( પી. ડી. જેઠવા )** |
| તારીખ:૦૭/૦૩/૨૦૨૬ | ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, મોડાસા. |
| | **કોડ નં. જી.જે. ૦૦૯૦૧** |
| S.J.RATHOD,PA | |